ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૪/૧૮-૧૯/ 5242 તારીખ : 19 NOV 2018

પ્રતિ,

શ્રી યશવંતબા વનરાજસિંહ ગોહિલ,
મુ. તણસા, તા. ઘોઘા,
જી. ભાવનગર.
મો : ૯૮૭૯૫ ૧૯૦૯૯.

કેસ નં. ૮૪/૧૮-૧૯.

**વિષય** : નવા ખેતીવાડી વીજ કનેક્શનની ન મળવા બાબત.

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા : 30.0૭.૧૮.

(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૧૮–૧૯/૩૫૬૪ તા. ૦૭.૦૮.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. 03.૧૧.૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર-૨, ભાવનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, મામસા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૪/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી યશવંતબા વનરાજસિંહ ગોહિલ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૦૩.૧૧..૨૦૧૮ ◈

હાજર રહયા :– ગેરહાજર.

પ્રતિવાદી :– શ્રી એ.એસ. ચોધરી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, શહેર-૨ ભાવનગર.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી યશવંતબા વનરાજસિંહ ગોહિલ, મુ.તણસા, તા.ભાવનગરની નવા ખેતીવાડી વીજ કનેક્શન બાબતની બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૪ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૮૪ / ૧૮–૧૯/ ૩૫૬૪ તા. ૦૭.૦૮.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૨૩.૦૧૦.૧૮ તથા તા. ૦૩.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નહિ, તથા પ્રતિવાદી શ્રી એ.એસ. ચોધરી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, શહેર-૨ ભાવનગર, ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રીની સી.જી.આર.એફ. સમક્ષની તા.૩૦.૦૭.૨૦૧૮ નાં રોજની રજૂઆત મુજબ તેઓને નવા ખેતી વિષયક વીજજોડાણ માટેની કામગીરી પૂર્ણ થઇ ગઈ હોવા છતાં ત્રાહિત વ્યક્તિ દ્વારા વાંધો ઉઠાવેલ હોવાથી વીજ પુરવઠો ચાલુ કરેલ નથી.

૧.૨ તો સદર વીજજોડાણ માટે આગળની કાર્યવાહી કરી વીજજોડાણ આપવા બાબત.



Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદારશ્રી યશવંતબા વનરાજસિંહ ગોહિલ, મુ, તણસા દ્વારા તા ૧૩.૦૧.૨૦૧૪નાં રોજ રૂ. ૨૦૦/- રસીદ નં. ૭૯૯૪૭થી ભરપાઈ કરી તેઓના ખેતીવાડી સર્વે નં. ૪૫માં ૭.૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ લેવાની અરજી કરેલ હતી, જે જી.પી. નં. ૯૪૮૫થી નોંધાયેલ છે.

૨.૨ સદર અરજીનો ક્રમાનુસાર વારો આવતાં પેટા વિભાગીય કચેરી મામસાનાં પત્ર નં. ૧૪૩૪ તા. ૨૮.૦૨.૨૦૧૮ દ્વારા અંદાજપત્ર પાઠવવામાં આવેલ જે તેઓ દ્વારા પહોંચ નં.WE૮૧૩૩૨૬-૨૮ થી તા. ૨૨.૦૩.૨૦૧૮નાં રોજ ભરપાઈ કરેલ છે.

૨.૩ ત્યારબાદ વીજજોડાણ માંગણીવાળા સ્થળ પર જરૂરી લાઈન ( ૩ પોલ) ઉભી કરવામાં આવેલ અને ૩ સ્પાનનું વાયરિંગ ખેંચવામાં આવેલ અને ટેપિંગ જે પોલ પરથી લેવાનું હતું ત્યાં અશોકસિંહ છોટુભા દ્વારા આંતરિક વાંધાના કારણે ટેપીંગનો એક સ્પાનનું વાયરિંગ કરવાં દીધેલ નહી અને અત્રેની કચેરીએ તેઓ, અશોકસિંહ છોટુભા દ્વારા ઈનવર્ડ નં. ૧૫૦૪ તા. ૩૧.૦૫.૧૮નાં રોજ વાંધા અરજી આપલે છે.

૨.૪ જે અન્વયે સદર વાંધો દુર કરવાં મામસા સ.ડી. દ્વારા પત્ર નં. એમેસડી/ટેક/૭૬૪૩ તા. ૩૦.૦૬.૧૮ થી જીલ્લા કલેકટર સાહેબ, ભાવનગર સમક્ષ પણ કેસ મોકલવામાં આવેલ છે, જેનો નિર્ણય હજુ પેન્ડીંગ છે.

૨.૫ વધુમાં, તા. ૧૮.૦૮.૨૦૧૮નાં રોજ નાયબ ઈજનેર, મામસા દ્વારા સદર સ્થળની મુલાકાત લઇ, અન્ય સ્થળેથી લાઈન ઉભી કરી શકાય તેમ રી-સર્વે કરી લાઈન કામ પૂર્ણ કરી તા. ૧૨.૧૦.૧૮ નાં રોજ વીજજોડાણ ચાલુ કરી આપેલ છે. વીજજોડાણનું પ્રોફોર્મા નં. ૧૫ આ સાથે સામેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી અરજદાર યશવંતબા વનરાજસિંહ ગોહિલએ ગામ તણસા માં તા. ૧૩.૧૦.૧૪ના રોજ તેઓના માલિકીના સર્વે નં. ૪૫માં ખેતીવાડી વીજ જોડાણ લેવા માટે અરજી નોંધણી કરાવેલ, જેના પ્રતિવાદી દ્વારા વાદીને તા. ૨૮.૦૨.૧૮ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ જે વાદી દ્વારા તા. ૨૨.૦૩.૧૮ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

3.૨ પ્રતિવાદી દ્વારા વાદીના માંગણીવાળા વીજ જોડાણના સ્થળ પર જરૂરી ૩ થાંભલા ઉભા કરી અને વાયરિંગ કરવામાં આવેલ જેને મેઈન લાઈન સાથે જોડવાનું બાકી હતું આ લાઈન જોડવા માટે બાજુની વાડીના માલિક અશોકસિંહ છોટુભા દ્વારા જોડાણ જોડવા દીધેલ નહિ અને વાંધા અરજી આપેલ.

3.3 પ્રતિવાદી દ્વારા તા. ૧૮.૦૮.૧૮ના રોજ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઇ લાઈનનો રીસર્વે કરી અને લાઈન કામ પૂર્ણ કરી તા. ૧૨.૧૦.૧૮ના રોજ વીજ જોડાણ ચાલુ કરી આપેલ છે. પ્રતિવાદી દ્વારા વીજ જોડાણ ચાલુ કરી તે બાબતની અરજદારના પ્રતિનિધિની સહી સાથેનું પ્રફોર્મા નં.૧૫ ફોરમ ને રજુ કરેલ છે.



Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

3.૪ વાદીને નોટીસ દ્વારા તા. ૨૩.૧૦.૧૮ અને તા. ૦૩.૧૧.૧૮ના રોજ હાજર રહેવા ફોરમ દ્વારા જણાવેલ પરંતુ વાદી હાજર રહેલ નથી અને તારણ નં. 3.3 મુજબ વાદીનું વીજ જોડાણ ચાલુ થઇ ગયેલ હોઈ, વાદીની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. 3.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| (બી. જે. દવે) | (પી. એચ. માવાણી) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :–03.૧૧.૨૦૧૮

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.